આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાના જલારામ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી


આણંદ જિલ્લામાં પૂ.જલારામ બાપાની જન્મજયંતિની ધામધૂમથી ઉજવણી કરાઇ

પૂજા-અર્ચના, આરતી અને શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા

(પ્રતિનિધિ આણંદ તા.૧૬

માનવસેવા, અન્નદાન અને પરોપકારની જ્યોત પ્રજ્વલિત કરનાર પૂજ્ય સંત જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર આણંદ જિલ્લો ભક્તિમય માહોલમાં રંગાયો હતો. પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે જિલ્લાના વિવિધ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા જલારામ મંદિરોમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ મંદિરોમાં દર્શનાર્થીઓની અવરજવર શરૂ થઈ હતી અને દિવસભર ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે વિવિધ મંદિરોમાં પૂજા-અર્ચના, મહાઆરતી, ભજન-કીર્તન અને શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા




ખેડા ખાતે પૂજ્ય જલારામ બાપાની જયંતિની નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થયું હતું. જેમાં શ્રદ્ધાળુઓ અને ભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

હતા. ભક્તોએ પરિવાર સાથે મંદિરે પહોંચી બાપાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. નવા વર્ષમાં સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તેમજ સમગ્ર વિશ્વનું આરોગ્ય સારું રહે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. ધર્મજ ખાતે આવેલા જલારામ મંદિરે દર્શન કરવા માટે આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ખાસ કરીને પગપાળા યાત્રા કરીને આવતા જલારામ ભક્તોની સંખ્યા નોંધપાત્ર રહી હતી. વહેલી સવારથી જ મંદિરે દર્શનાર્થીઓની લાંબી કતારો લાગી હતી અને દિવસભર ભક્તોનો પ્રવાહ અવિરત ચાલુ રહ્યો હતો.

બોરસદ શહેરમાં જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ મહોત્સવ નિમિત્તે શ્રી લોહાણા સેવા મંડળ, બોરસદ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થયેલી આ શોભાયાત્રામાં સમાજના આગેવાનો, જલારામ ભક્તો અને નગરજનોએ મોટી સંખ્યામાં જોડાઈ ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. સમગ્ર જિલ્લામાં જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા ધાર્મિક આયોજનોના પગલે મંદિરોમાં ભક્તિ, શ્રદ્ધા અને સેવાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો.

ખેડા પ્રાગટ્ય ધામમાં ૩૦૦થી વધુ વાનગીઓ સાથે ભવ્ય અન્નકૂટ ઉત્સવ યોજાયો



ખેડા સ્થિત મુક્તજીવન સ્વામીબાપા પ્રાગટ્ય ધામ ખાતે સંવત ૨૦૮૪ના પ્રથમ શુભદિને ભવ્ય અન્નકૂટ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્નકૂટમાં ભગવાનને ૩૦૦થી પણ વધુ વાનગીઓનો ભોગ ધરાવાયો હતો, જેમાં ચરોતર અને દેશ-વિદેશના મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો. વહેલી સવારે મંગળા આરતી બાદ બપોરે મંદિરના મહંત મુનિશ્વરદાસજી સ્વામી અને હરિકૃષ્ણવલ્લભ દાસજીએ અન્નકૂટની આરતી ઉતારી હતી. આ પ્રસંગે મહંતશ્રીએ સંતો અને ભક્તોની સેવાભાવનાને બિરદાવી સમગ્ર સંસારના પ્રતિનિધિ રૂપે પ્રભુ ચરણોમાં પ્રાર્થના કરી હતી. **તસવીર : પ્રગ્નેશ ભાવસાર**

કપડવંજના પ્રાચીન અષ્ટાપદ જૈન દેરાસરે ભવ્ય પૂજન-હવન યોજાયું

શ્રી ઘંટાકર્ણ મહાવીરનું છ દાયકાથી દોશી પરિવાર દ્વારા ધાર્મિક પરંપરાનું જતન

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૬

કપડવંજ મુકામે આવેલા પ્રાચીન શ્રી અષ્ટાપદ જૈન દેરાસર ખાતે શ્રી ઘંટાકર્ણ મહાવીરનું ભવ્ય પૂજન અને હવન યોજાયું હતું. આ ધાર્મિક પ્રસંગે જૈન સંઘના ભાઈઓ તથા બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો અને પૂજન-હવનનો લાભ લીધો હતો.



આ પ્રસંગે છેલ્લા ૬૦ વર્ષથી બાબુભાઈ જેસંગભાઈ દોશી પરિવાર દ્વારા શ્રી ઘંટાકર્ણ મહાવીરનું પૂજન અને હવન કરવાની ધાર્મિક પરંપરા જાળવી રાખવામાં આવી છે. વર્ષોથી



ચાલી આવતી આ ધાર્મિક પરંપરાના ભાગરૂપે યોજાયેલા પૂજન-હવનના કાર્યક્રમથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. દોશી પરિવાર દ્વારા વર્ષોથી જાળવવામાં આવતી આ ધાર્મિક પરંપરા જૈન સમાજમાં શ્રદ્ધા, આસ્થા અને ધર્મભાવનાનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે.

ખંભાત : બાંભણવા ગામે બંધ મકાનમાં ચોરી થઈ

સ્ટેન્ડ પર લટકાવેલી ચાવી વડે તિજોરી ખોલી સામાન ચોરી ગયા

(પ્રતિનિધિ) ખંભાત તા.૧૬

ખંભાત તાલુકાના બાંભણવા ગામે આવેલા મહિડાવાળુ ફળીયામાં એક ખેડૂતના બંધ ઘરને નિશાન બનાવી અજાણ્યો ચોર ઈસમ તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ ૩૧,૮૦૦ ની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયો છે. આ બનાવ અંગે ખંભાત રૂ રલ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ખંભાતના બાંભણવા ગામે રહેતા અને ખેતીકામ કરતા ચંદ્રસિંહ ઉર્ફે ભયલુ બહાદુરસિંહ ચાવડા (ઉ.વ. ૨૮) ગત તારીખ ૧૧મી ના રોજ સાંજના સમયે પરિવાર સાથે બહાર ગયા હતા. તે દરમિયાન સ્ટેન્ડ પર લટકાવેલી ચાવી વડે તિજોરી ખોલી અજાણ્યા તસ્કરે અંદર મુકેલ કિંમતી સામાન કિંમત રૂ.31,500ની ચોરી કરી હતી. જોકે, ઘરધણી ડાંગરની સીઝનની કાપણીના કામમાં રોકાયેલા હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો. ખેતીકામ પૂર્ણ થતાં તેમણે તારીખ ૧૫મી નવેમ્બર,૨૦૨૬ ના રોજ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી આ ફરિયાદ આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર હિતેશકુમાર ફેમાભાઈ ચૌધરીએ હાથ ધરી છે.

કપડવંજમાં ચેક બાઉન્સ થતાં લોનધારકને ૧ વર્ષની કેદની સજા

શ્રીરામ ફાઇનાન્સમાંથી પર્સનલ લોન લીધા બાદ હપ્તા ન ભર્યા

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૬

કપડવંજ ખાતે લોનના હપ્તા પેટે આપેલો ચેક બાઉન્સ થવાના કેસમાં બીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે આરોપી લોનધારકને દોષિત ઠેરવીને એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ ચૂકવી આપવાનો આદેશ કર્યો છે. જો રકમ ચૂકવવામાં કસૂર કરવામાં આવે તો વધુ ત્રણ માસની સાદી કેદ ભોગવવી પડશે.

કપડવંજ ખાતે આવેલી શ્રીરામ ફાઇનાન્સ લિમિટેડની બ્રાન્ચના અધિકૃત અધિકારી શ્યામ અજીતકુમાર મહેતા દ્વારા આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. તાલુકાના શેલગઢ ગામના મોતીવાળું ફળિયામાં રહેતા રાકેશકુમાર ફતેસીહ રાઠોડ નામના શખ્સે કંપનીમાંથી પર્સનલ લોન લીધી હતી. લોનના હપ્તા નિયમિત ન ભરાતા કંપની દ્વારા વારંવાર ઉઘરાણી કરવામાં આવી હતી. તેના પગલે આરોપી રાકેશકુમારે રૂપિયા ૫૬,૨૦૮નો ચેક આપ્યો હતો અને બેંકમાંથી લેણી રકમ મળી જશે તેવી ખાતરી આપી હતી.

આ ચેક પાકતી તારીખે બેંકમાં જમા કરાવતાં તે 'ખાતામાં પૂરતી રકમ ન હોવાના' શેરા સાથે પરત ફર્યો હતો. જેથી ફરિયાદી પક્ષે વકીલ મારફતે કાયદાકીય નોટિસ મોકલી હતી. નોટિસ બજી ગઈ હોવા છતાં આરોપી દ્વારા રકમ ન ચૂકવાતાં મામલો કપડવંજ કોર્ટમાં પહોંચ્યો હતો. આ કેસ ચાલતાં કપડવંજના બીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ યુ.એસ. કાલાણીએ આરોપી રાકેશકુમાર ફતેસીહ રાઠોડને બી.એન.એસ.ની કલમ ૨૭૮(૨) અન્વયે તકસીરવાર ઠરાવીને 'ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ'ની કલમ ૧૩૮ ના ગુના હેઠળ એક વર્ષની સાદી કેદની સજા સંભળાવી હતી. આ ઉપરાંત ચેકની રકમ (રૂ. ૫૬,૨૦૮) એક માસની અંદર ચૂકવી આપવા આદેશ કર્યો હતો અને રકમ ન ચૂકવે તો વધુ ૩ માસની કેદની સજાનો હુકમ કર્યો છે.

સંતરામપુર નજીક વાહનની ટક્કરે બાઈકચાલકનું મોત

વેણા ગામની સીમ ક્રોસિંગ પાસે હિટ એન્ડ રનની ઘટના

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૬

સંતરામપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા મોજે વેણા ગામની સીમ ક્રોસિંગ નજીક રોડ પર એક કરૂણ અકસ્માત સર્જાયો હતો. રવિવારે સવારે અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી મોટરસાયકલને ટક્કર મારતાં 45 વર્ષીય વિક્રમભાઈ ઉદેસિંગભાઈ તલારનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના રતનપુર (પગી ફળિયું) ગામના ઉદેસિંગભાઈ તલારના પુત્ર વિક્રમભાઈ તલાર પોતાની બાઈક લઈને ગોધરા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન સંતરામપુરથી આશરે 15 કિમી દૂર વેણા ગામની સીમ પાસે અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે વિક્રમભાઈને માથા તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ અરેરાટીભર્યું મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં પરિવારજનો તથા ગામના સરપંચ સહિતના લોકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને મૃતદેહને સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે મૃતકના પિતાની ફરિયાદના આધારે સંતરામપુર પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આણંદના બંસરી પાર્ક-૧ના મકાનમાં આગ લાગી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

આણંદ શહેરના વિનુકાકા માર્ગ પર આવેલા બંસરી પાર્ક-૧ માં એક મકાનમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવતા આસપાસના વિસ્તારમાં અફડાતફડી સર્જાઈ હતી. આ ગંભીર ઘટના અંગે કરમસદ આણંદ ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસીસ ના કંટ્રોલ રૂમમાં ઈમર્જન્સી કોલ મળ્યો હતો. આ કોલ મળતાં જ ચીફ ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ ફાયર બ્રિગેડની ટીમ મિની ફાઈટર વાહન સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

આણંદની ફાયર ટીમે સ્થળ પર પહોંચતા જ વીજળીના લીધે જોખમ વધુ ન વધે તે માટે સૌથી પહેલાં મકાનનો ઈલેક્ટ્રિકલ સપ્લાય કટ કર્યો હતો. બાદમાં પાણીનો મારો ચલાવીને આગ બુઝાવી નાખી હતી. આ આગ એટલી તીવ્ર હતી કે જો સમયસર કાબૂમાં ન લીધી હોત તો તે આસપાસના અન્ય ઘરોમાં પણ ફેલાઈ શકે તેમ હતી. ફાયર જવાનોની સમયસૂચકતા અને ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે કાબૂમાં લઈ લેવાતાં સ્થાનિક રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

નવુ વર્ષ આપ સૌને માટે સુખ, સમૃદ્ધિ અને નિરોગીમય બની રહે
તેવી શુભકામનાઓ સાથે... નૂતન વર્ષાભિનંદન
જનની હોસ્પિટલ
આઇટીઆઇ પાસે, ઝાલોદ રોડ, દાહોદ
ફોન : 02674-264362-25627
: સુવિધાઓ :
પ્રસુતિ સારવાર
સ્ત્રી રોગ સારવાર તથા ઓપરેશન
કુટુંબ નિયોજન ઓપરેશન
વ્યંધત્વ નિવારણ કેન્દ્ર
ગર્ભપાત કેન્દ્ર
ડો.કે.આર.ડામોર (એમ.ડી.ગાયનેક)
ડો.ધ્રુવિલ કે.ડામોર (એમ.ડી.ગાયનેક)

રવિ ટ્રેડીંગ કું.
ગ્રેઇન, પલ્સ એન્ડ ઓઇલસીડસ મર્ચન્ટ
શ્રી રાઘવેન્દ્ર એગ્રો પ્રોસેસ
એક્સપોર્ટર અને સપ્લાયર્સ
ફેક્ટરી : ૪૦૨, મેઘા જી.આઇ.ડી.સી. (ખરેડી)
શ્રી કૈલાસ ટ્રેડીંગ કું
શ્રી ભગવતી ટ્રેડીંગ કું
શ્રી ખંડેલવાલ કૈલાશચંદ્ર મુક્તિલાલ (કમીશન એજન્ટ)
સ્ટાફ તથા પરિવાર તરફથી દિપાવલી તથા નવાવર્ષની હાર્દિક શુભકામનાઓ....

દીપાવલની તથા નૂતન વર્ષની શુભકામનાઓ
ઈકબાલભાઈ ખરોદાવાલા (માલિક)
એપીએમસી સભ્ય
સમીર ટ્રેડિંગ કું.
કમિશન એજન્ટ
હર્ષ, માર્કેટયાર્ડ, સરદાર પટેલ કોમ્પ્લેક્સ, દાહોદ-૩૮૮૫૧૫
ફોન : ૨૨૦૫૩૨, ૨૨૦૬૩૮ મો. ૯૮૨૫૦૭૧૨૫૪

આપ સૌને દિવાળી પર્વ તેમજ નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ...
ભીલ સેવા મંડળ, દાહોદ
સ્થાપના વર્ષ ૧૯૨૩
સંક્ષિપ્ત પરિચય
ભીલ સેવા મંડળની સ્થાપના અને તેના ઉદ્દેશો
વર્ષ ૧૯૧૮ અને ૧૯૧૯ માં ત્યારે પંચમહાલ જીલ્લા કાર્યરત હતો તે સમયે ભીષણ દુષ્કાળ પડ્યો ત્યારે દીનહીન આદિવાસી સમાજને બચાવવા માટે સ્વર્ગસ્થ શ્રી સુખદેવભાઇ ત્રિવેદીએ પ્રયત્નો શરૂ કર્યા ને મદદ માટે મુંબઈ ભારત સેવક સમાજને અપીલ કરી ત્યારે મહાત્મા ગાંધીજીએ શ્રી અમૃતલાલ વી ઠક્કરને મદદ માટે દાહોદ મોકલ્યા. આદિવાસીઓની કરુણ હાલત જોઈ તેઓ દ્રવી ઉઠ્યા અને ૧૯૨૩ માં આદિવાસી કલ્યાણ કામનો પાયો નાખ્યો અને ભીલ સેવા મંડળની સ્થાપના કરી આદિવસોમાં ઠક્કર બાપા ના હુલામણા નામે અને ભારત દેશમાં આદિવાસીઓના " બાપા " બની રહ્યા.
પૂજય ઠક્કરબાપા
ભીલ સેવા મંડળ, દાહોદ ૩૧-૩-૨૦૨૫ કારોબારી કમિટી
શ્રી શાંતિલાલ વી નીનામા પ્રમુખ
શ્રી પરથીંગભાઈ એમ મુનિયા-ઉપપ્રમુખ
શ્રી મુકેશભાઈ બી પરમાર મંત્રી
શ્રી નરસિંહભાઈ કે ઠઠીલા-ટ્રસ્ટી
શ્રી રમણભાઈ કે ઠઠીલા ખજાનચી
શ્રી ચુનીલાલ કે ઠઠીલા સભ્ય
શ્રી વાલચંદભાઈ કે બિલવાલ સભ્ય
સંસ્થા વિશેની માહિતી
ભીલ સેવા મંડળે ભારતમાં સૌ પ્રથમ આદિવાસીઓના કલ્યાણ કામની શરૂઆત કરેલી છે. સરકારશ્રીનો આદિજાતિ વિકાસ પ્રવૃત્તિમાં ઘણો મોટો ફાળો રહ્યો છે. સરકારશ્રી તરફથી મળતું અનુદાન પૂરતું ન હોવાના કારણે સમાજ પાસે હાથ લંબાવવો અનિવાર્ય બની રહે છે. અમારી સંસ્થાને મળતું દાન ભારત સરકારના નાણા વિભાગના નોટીફીકેશન નં. એસ.ઓ. ૧૬૪૯ (ઈ) મુજબ ઈન્કમટેક્ષ કાયદાની કલમ-૮૦-જી(૫) હેઠળ ૫૦ ટકા કરમુક્ત છે.
કાર્યાલય સરનામુ : ભીલ સેવા મંડળ, દાહોદ
ઠક્કર બાપા રોડ, દાહોદ-૩૮૯૧૫૧ તા. જિ.દાહોદ-ગુજરાત
ભારત સંપર્ક નંબર : 02673-246670 - 9426340063
Email : bhilsevamandal@yahoo.com / bhilseva.org Website : https://bhilseva.org